# તમારી પ્રતીતિ
# તમને જ થઈ શકે

માણસની મોટી કરુણતા એ છે કે તે નક્કર નિર્જીવ વસ્તુને એકદમ વળગી પડે છે. માણસ આને 'હકીકત' કહે છે અને માણસ માને છે કે આ 'હકીકત'ની માર્ગદર્શિકા તેના પંથને અજવાળવા માટે પૂરતી છે, પણ સૂફીઓની વાત સાચી છે કે માણસ જેને 'હકીકત' કહે છે તે ઘણી વાર તો આળસથી ઊંઘી ગયેલી શંકાઓ કે વહેમો જ હોય છે. માણસ વારંવાર કહે છે કે આ 'હકીકત' છે. પણ હકીકત શું છે? હકીકત એ જ હોય છે – તેણે જોયેલા એક દૃશ્યનું તેનું પોતાનું એ વૃત્તાંત હોય છે. જેલમાં પડેલા સર વોલ્ટર રેલેએ ઇંગ્લૅન્ડનો ઇતિહાસ લખવાનું નક્કી કર્યું. પાંચ-સાત પાનાં લખ્યાં, એક દિવસ તેમણે જેલની બારીની બહાર થોડે દૂર કંઈક ઝઘડો થતો જોયો. તેમણે જે જોયું તે પરથી મનમાં નક્કી કર્યું કે ઝઘડો અમુક બાબત વિશેનો અને અમુક વ્યક્તિઓ વચ્ચેનો હતો. ત્યાં એક નોકરડી સર વોલ્ટર રેલેને પાણી આપવા આવી. સર વોલ્ટર રેલેએ પૂછ્યુંઃ 'ઝઘડો શેનો હતો?' નોકરડી તો ઝઘડાની તદ્દન નજીક ઊભી

હતી. તેણે જે વાત કરી તે સાંભળીને સર વોલ્ટર રેલેને આશ્ચર્ય થયું. નોકરડી ચાલી ગઈ પછી તેમણે પોતે લખેલાં ઇતિહાસનાં પાંચ-સાત પાનાં ફાડી નાખીને કચરાની ટોપલીમાં ફેંકી દીધાં. સગી આંખે દૂરથી જોયેલા એક ઝઘડાના દૃશ્યના બે જ આંખે દેખ્યા અહેવાલો આટલા ભિન્ન કે તદ્દન વિરોધાભાસી બની જતા હોય તો સો-બસો વર્ષ પહેલાંની ઘટના વિશે વિશ્વાસપૂર્વક-ખાતરીપૂર્વક લખવાનો અર્થ શું? મોટા ભાગે માણસો પોતાની માન્યતાઓ અને પૂર્વગ્રહોને પકડી-થિજાવીને, ઢીમ બનાવી દઈને તેને નામ આપે છે – હકીકત! એ જેને હકીકત કહે છે તે તેનું અમુક સ્થળે અને અમુક ક્ષણે સાચું એક દૃષ્ટિબિંદુ જ હોય છે. પણ તે પોતાની આ હકીકતને – પોતાના આ 'સત્ય'ને એકદમ આંતરરાષ્ટ્રીય ચલણનો દરજ્જો આપી દે છે. પોતાનો આ સિક્કો દરેકે સ્વીકારવો જોઈએ! જો ન સ્વીકારે તો તો એણે 'સત્યોનો દ્રોહ' કર્યો કહેવાય! એટલે જ જ્યારે ધર્મ કહે છે કે સત્ય એ જ પરમેશ્વર છે ત્યારે તેમાં માણસની પોતાની મર્યાદા વિશેની ઊંડી સૂઝ પ્રગટ થાય છે અને તે સમજે છે કે સત્યને પામવું તે પણ ઈશ્વરની કૃપાનો પ્રસાદ છે. તમારી ચકોર દૃષ્ટિને તમે ગમે તેટલી વખાણતા હો કે તમારી બુદ્ધિને તમે ગમે તેટલી કુશાગ્ર લેખતા હો – તમે જે જુઓ છો તેમાં ખરેખર 'સત્ય' શું છે તે માત્ર પરમાત્મા તથા તેની કૃપા પામેલા દ્રષ્ટાઓ જ કહી શકે.

સૂફીસંતોની રૂપકકથાઓમાં માણસના સૈકાઓના શાણપણનો સંગ્રહ છે. એમાં એક રૂપકકથા ખૂબ સુંદર છેઃ

*એક ઝરણું ઊછળતું-કૂદતું આગળ વધ્યું અને રણ પાસે આવીને થંભી ગયું. ઝરણાને લાગ્યું કે પોતે આ રણ તો ઓળંગી નહીં જ શકે – ઝરણું રણમાં એક જ કદમ આગળ વધ્યું ત્યાં પાણી રેતીમાં અદૃશ્ય થવા માંડ્યું. ઝરણાને થયું કે મારાથી આ રણ પાર કરી શકાશે નહીં. હું જો રણમાં ચાલુ તો આ સૂકી તરસી રેતીમાં ગાયબ જ થઈ જાઉં. ઝરણું મોટેથી બોલ્યુંઃ 'મારે આ રણ ઓળંગી જવું છે, પણ તેને કઈ રીતે પાર કરવું તેનો કોઈ રસ્તો મને સૂઝતો નથી.'*

*પ્રકૃતિની મૂંગી જબાનમાં રણનો અવાજ ઝરણાને સંભળાયો. રણે કહ્યુંઃ 'પવન મને ઓળંગી જાય છે. તું પણ મને ઓળંગી શકે છે.'*

*ઝરણાએ કહ્યુંઃ 'પણ હું જ્યારે જ્યારે પ્રયત્ન કરું છું ત્યારે રેતી મને ચૂસી જાય છે – હું સહેજ પણ આગળ વધી શકતું નથી.'*

*રણે કહ્યું: 'રેતી પવનને કંઈ કરતી નથી.'*

*ઝરણાએ કહ્યું: 'પવન તો ઊડી શકે છે – હું ઊડી શકતું નથી.'*

*રણે કહ્યું: 'આ રીતે વિચારવાનો તારો ઢંગ ખોટો છે. તું ભલે ઊડી શકતું ન હોય, પણ પવનની મદદ લે. પવન તને રેતીની પાર પહોંચાડી દેશે.' ઝરણાએ દુઃખી થતાં કહ્યું: 'અરે, એ તો મરવાનો જ રસ્તો કે બીજું કંઈ? આ રીતે મારે મારું અલગ અસ્તિત્વ – મારું પોતાનું વ્યક્તિત્વ ગુમાવવું નથી. રેતીને બદલે પવન મને શોષી લે, પછી મારું શું બચ્યું?'*

*રણે કહ્યું: 'આ એક તર્ક છે, પણ તેને સાચી વાસ્તવિકતા સાથે કંઈ જ નિસબત નથી. પવન પાણીને શોષી લે છે અને તેને રણની પાર પહોંચાડે છે. પછી એ જ ભેજવાળી હવાનાં વાદળ વરસાદરૂપે વરસે છે અને વરસાદથી ઝરણાં અને નદી બને છે.'*

પણ ઝરણાની મૂંઝવણ એ છે કે એ નવું ઝરણું તો બીજા નામે ઓળખાતું હશે! એ ઝરણું હું જ છું તેની ખાતરી કઈ રીતે કરવી?

રણ જવાબ આપે છે કે તેની પ્રતીતિ તમારા અંતરમાં જ તમને થઈ શકે. લોકો તમને ભલે ગમે તે નામે ઓળખે, પણ તમે તમારી અસલિયત – તમારું મૂળ તત્ત્વ – જાણતા હશો તો તમને પ્રતીતિ થશે જ કે હું જળ છું, મારું બાહ્ય રૂપ ઝરણાનું હોય કે નદીનું હોય. હવે આ બધાં તત્ત્વો-સત્ત્વો – જ્યારે તમે 'સર્વોપરી'ના જ અંશરૂપ પિછાનો ત્યારે પછી પેલી નામ અને રૂપની ઓળખાણ ભૂંસાઈ જવાનો ખેદ રહેશે નહીં.

# માત્ર પેટના ગુલામ ન બનો

સંસાર જેને સ્વામી વિવેકાનંદના નામે ઓળખે છે એ નરેન્દ્રનાથ દત્ત જ્યારે એકવીસ વર્ષના યુવાન હતા ત્યારે તેમના કુટુંબ ઉપર ઓચિંતી એક મોટી આફત ઊતરી આવી.

નરેન્દ્રનાથ સ્નાતક થયા હતા અને કાયદાનો અભ્યાસ કરવા માગતા હતા. તેમના પિતા વિશ્વનાથ કલકત્તા હાઈકોર્ટમાં એક સફળ ઍટર્ની-ઍટ-લૉ હતા. કુટુંબના એ એકમાત્ર કમાનાર સભ્ય હતા. એ એક દિવસ ઓચિંતા હૃદયરોગના હુમલાથી મૃત્યુ પામ્યા.

નરેન્દ્રનાથનું કુટુંબ દારુણ ગરીબીના ખપ્પરમાં આવી પડ્યું. પિતા ઉદાર માણસ હતા. તેમણે ઘણાંબધાં સગાંસંબંધીઓને મદદ કરી હતી, પણ જ્યારે એમના મૃત્યુ પછી એમનું કુટુંબ ગરીબીનો સામનો કરવાની સ્થિતિમાં મુકાઈ ગયું ત્યારે તેમનાં કોઈ સગાંસંબંધી કશી જ મદદ કરવા આવ્યાં નહીં. લેણદારો રોજ તકાદો કરતા. જે મકાનમાં તેઓ રહેતા હતા તે મકાનમાંથી તેમને હાંકી કાઢવા

સગાંવહાલાં તૈયાર થઈ ગયાં! હવે કુટુંબના ભરણપોષણની બધી જ જવાબદારી નરેન્દ્રનાથના શિરે આવી પડી.

સ્વામી વિવેકાનંદે પોતાની જિંદગીના આ સૌથી વિકટ સમયનું વર્ણન કર્યું છે. વિવેકાનંદે કહ્યું છેઃ 'પિતાના મૃત્યુના શોકનો સમય પૂરો થાય તે પહેલાં જ મારે તો નોકરીની શોધમાં જવું પડ્યું હતું. હું રોજ બપોરના તાપમાં એક હાથમાં અરજી લઈને એક પછી એક દફ્તર-કચેરીમાં ભટક્યા કરતો હતો. મારા એક-બે નિકટના મિત્રોને મારા પ્રત્યે સહાનુભૂતિ હતી. નોકરીની શોધમાં હું નીકળતો ત્યારે કોઈ કોઈ વાર આ એક-બે મિત્રો મારી સાથે આવતા, પણ દરેક જગ્યાએ મારા માટે બારણાં બંધ જ હતાં. જિંદગીની વાસ્તવિકતા સાથેનો આ મારો પ્રથમ પરિચય હતો અને મને લાગ્યું કે આ દુનિયામાં નિઃસ્વાર્થ સહાનુભૂતિ એક દુર્લભ ચીજ છે. નિર્બળ, નિર્ધન અને દુઃખી માણસ માટે ક્યાંય જગ્યા જ નથી. મેં જોયું કે થોડાક દહાડા પહેલાં જ જે લોકો મને મદદરૂપ થવામાં ગૌરવ અનુભવતા હતા તે હવે જાણે મારાથી મોં સંતાડતા હતા. મને મદદ કરવા માટે તેમની પાસે પૂરતાં સાધનો હતાં. આ બધું જોઈને મને કોઈ કોઈ વાર એવું લાગતું કે આ દુનિયા ઈશ્વરે નહીં, શયતાને બનાવેલી લાગે છે!

સ્વામી વિવેકાનંદને જે સવાલ જાગ્યો એ સવાલ આજે પણ લાખો જુવાનોને જાગે છે, પણ સ્વામી વિવેકાનંદ તો એક અવતારકાર્યના આત્મા હતા. એવું ભાગ્ય તો દરેકનું હોઈ ન શકે, પણ દરેક માણસ જેને એવું લાગે કે ઈશ્વર છે છતાં સંસારમાં આટલી પીડા અને અન્યાય કેમ? તો તેણે સ્વામી વિવેકાનંદની વાત સમજવા જેવી છે. સ્વામી વિવેકાનંદે કાલીમાતા પાસે પોતાના માટે કશું માગ્યું નહીં – ત્રણ વાર દર્શન થયાં, પોતાની માતા અને ભાઈઓ માટે વધુ કંઈ નહીં તો દાળરોટીનું સુખ માગવાનું મન તેમને થયું હતું, પણ તે આવું માગી શક્યા નહીં. આટલી ક્ષુદ્ર માગણી અને તે જગતની માતા પાસે કરવાની? એક વાર તો તેમણે રામકૃષ્ણ પરમહંસને વિનંતી કરી – 'મા પાસે મારા માટે કંઈક માગોને!' રામકૃષ્ણ પરમહંસે કહ્યું: 'નરેન, તું જ જાતે માગી લેને. માને તું જાણે છે. મા તને જાણે છે.'

પણ સ્વામી વિવેકાનંદે પોતાની દુઃખી માતા કે ભાંડુઓ માટે કંઈ માગ્યું નહીં. સ્વામી વિવેકાનંદનો સંદેશો એ છે કે નિર્બળતા છોડો અને દરેક માણસને પેટ છે તે ખરું હોવા છતાં માત્ર પેટના ગુલામ ન બનો. ઈશ્વરને માત્ર મૂર્તિમાં ન જુઓ – મૂર્તિમાં ઈશ્વર છે અને જીવતાજાગતા માણસમાં ઈશ્વર નથી? ઈશ્વર તો સર્વત્ર છે – દરેક માણસ ઈશ્વરનો જ અંશ છે અને ઈશ્વરની સાચી ભક્તિ

તે માણસની સેવા છે. દુઃખી માણસને સાંત્વન અને સહાય આપવા તમે જ ઈશ્વરના દૂત બનો. આ આખું વિશ્વ – સમગ્ર બ્રહ્માંડ – ઈશ્વરનો જ આવિષ્કાર છે. ઈશ્વર ક્યાંય જુદો કોઈક રાજમહેલમાં સંતાઈને બેઠેલો મનસ્વી શાસક નથી.

સ્વામી વિવેકાનંદ માનવીની કરુણામાં પણ ઈશ્વરની કરુણા જુએ છે અને એમાં જ ઈશ્વરનો સાક્ષાત્કાર અને ચમત્કાર બંને જુએ છે. સ્વામી વિવેકાનંદ સ્પષ્ટ કહે છે કે માણસ જો માણસનું દુઃખ સમજે, તેને મદદ કરે તો આ પૃથ્વી પરથી ઘણાંબધાં દુઃખો અદશ્ય થઈ જાય. આથી ઊલટું, આપણે જોઈએ છીએ કે માણસો ઈશ્વરનું નામ લઈને માણસને પીડા આપે છે, જુલમ કરે છે, રાજાનું નામ આગળ કરીને અત્યાચાર કરતા રાજાના કારભારીની જેમ.



# જીવન એટલે
# સારી રીતે મરવાની કલા

નવલકથાકાર જ્હોન સ્ટાઇનબેકે એક જગ્યાએ કહ્યું છે કે, છેવટે માણસ પાસે અંતકાળે આવીને ઊભો રહેતો સવાલ એક જ હોય છે – બીજાઓનું કંઈ ભલું કર્યું કે ન કર્યું, પણ આપણા પોતાના માનેલા માણસોને પણ આપણે પૂરેપૂરા ચાહ્યા છે ખરા? આ પણ ચોટદાર સવાલ છે. આપણે બીજા કોઈનું ઝાઝું ભલું કરી શકીએ કે ન કરી શકીએ, બીજા કોઈનું કશું કલ્યાણ કરવાની ત્રેવડ આપણામાં ન હોય એવું પણ બને, પણ આપણે ચાહી જરૂર શકીએ છીએ! કોઈ પણ માણસ પોતાની પાસે શું શું નથી તેની લાંબી યાદી બનાવી શકે છે, પણ કોઈ માણસ એવું તો કહી જ નહીં શકે કે મારે હૃદય જ નથી અને મારામાં કોઈને ચાહવાની શક્તિ નથી! માણસ બીજા કોઈને નહીં તો છેવટે પોતાના આપ્તજનો તથા મિત્રોને ચાહી શકે છે, પણ મોટા ભાગે તેઓ પોતાની આ 'લાગણી' સામી વ્યક્તિને પહોંચાડી શકતા નથી! ચાહવું એટલું જ બસ નથી, જેને ચાહો તેને તમારા સ્નેહની પ્રતીતિ પણ થવી જોઈએ! આ જ મહત્ત્વનું અને અઘરું કામ છે.

જાગરણ

માણસ ચાહ્યા વગર તો રહી શકતો નથી. છેવટે બીજા કોઈને નહીં તો પોતાના કૂતરાને પણ ચાહવો પડે છે! મહાન જર્મન ફિલસૂફ શોપનહોર સગી માતાને ધિક્કારતો હતો પણ તેના કૂતરાને જરૂર ચાહતો હતો!

એણે પોતાના કૂતરાનું નામ 'આત્મા' રાખ્યું હતું! શોપનહોર મહાવિદ્વાન હતો, પણ એણે કદી પોતાનું દિલ ખોલ્યું જ નહીં હોય તેમ લાગે છે, કેમ કે તેણે જિંદગીમાં કદી કોઈ નારીને ચાહી હોય એવું દેખાતું નથી – તેનાં લખાણોમાં નારી વિશેના બધા જ ઉલ્લેખો નિંદાના જ છે. ક્યાંક બુદ્ધિનો અસાધારણ વિકાસ જોવા મળે અને હૃદયનો મુદ્દલ વિકાસ જ ન થયો હોય તેવું પણ જરૂર જોવા મળે છે!

પણ સામાન્ય બુદ્ધિના સરેરાશ માણસની વાત કરીએ ત્યારે તો આવો દરેક માણસ વધુ કંઈ નહીં તો પોતાના કુટુંબને, નિકટનાં સગાંવહાલાંને અને કોઈ ને કોઈ મિત્રને ચાહતો હોય છે, પણ પોતે તેમને ચાહે છે તે હકીકતની ખાતરી પેલી વ્યક્તિઓને ન થાય તો સારું એવી કંઈક મનોવૃત્તિ ધરાવતો હોય છે.

એક પિતા તેના પુત્રને ખૂબ ચાહતા હતા, પણ બહારથી કઠોર વહેવાર કરતા હતા. તેમણે પ્રશ્ન પૂછ્યો કે આમ કેમ? દીકરાને ચાહો છો, તો તેની કબૂલાત કેમ કરી શકતા નથી! પિતાએ જવાબ આપ્યો કે દીકરાને ચાહું છું – તે વિના તો રહી જ ન શકું, પણ જો દીકરાને ખબર પડી જાય કે, 'હું તેને કેટલો બધો ચાહું છું તો તે મારી નબળાઈ જાણી જાય! તેને ખબર પડી જાય કે હું કેટલો લાચાર છું!'

આ રીતે ઘણા બધા માણસો વિચારે છે – તેમનો ખ્યાલ એવો છે કે આપણી લાગણી એ આપણી નબળાઈ છે – સામી વ્યક્તિને તેની ખબર પડી જાય તો તે આપણને દબાવે – કોઈ ને કોઈ વાર આપણી ઇચ્છા વિરુદ્ધ પોતાનું ધાર્યું કરાવી જાય! એક પિતા તરીકે, એક પતિ તરીકે, એક પુત્ર તરીકે, એક મિત્ર તરીકે 'નબળા' નહીં દેખાવા માટે જ કેટલાક પોતાની લાગણીને 'ગુપ્ત' રાખે છે, પણ તેમને ખબર નથી હોતી કે આમ કરવાથી એક સુંદર સંબંધમાં પરસ્પર વહેવારનો માર્ગ જ રૂંધાયેલો રહે છે અને એક ગાઢ સ્નેહસંબંધની જે ગુંજાશ હોય છે તે પૂરેપૂરી બેમાંથી એક પણ વ્યક્તિ પામી શકતી નથી.

જેમ ઊંડાં મૂળ વિના ગમે તેવું મોટું કે નાનું વૃક્ષ ટકી શકતું નથી, નાના કે મોટા ઝંઝાવાતમાં સલામત રહી શકતું નથી તેમ માણસ પણ સંબંધોના મૂળ વિના ટકી શકતો નથી. પછી તે ભલે પોતાના સામર્થ્યની કિંમત ગમે તેટલી

આંકતો હોય. કેટલાક માણસો એવું માને છે કે 'બધા સંબંધો રૂપિયાના જ હોય છે – સ્વાર્થના જ છે, પણ આવું માનનારા કેટલાક માણસોને બહુ જ કડવા અનુભવ થતા હોય છે. એમની પાસે રૂપિયા હોય અને છતાં ચકલું પણ એમની નજીક ન ફરકે, શરૂશરૂમાં એ એવું માને છે કે હું સંપૂર્ણ સલામત છું, કારણ કે હું મારા રૂપિયાની ચોકી કરતો એકલો બેઠો છું અને મારે કોઈનું શું કામ છે? મારી પાસે બધું જ છે – અન્ન, વસ્ત્ર, ઘર, સલામતી, આર્થિક નિશ્ચિંતતા – પછી શું જોઈએ? પછી તેને થાય છે કે માણસ વગર માણસ જીવી શકતો નથી. જંગલમાં એકલું તો ઝાડ પણ ન હજો! સલામતીના નામે માણસ ભલે ગમે તેવો કિલ્લો રચે, તે પોતાની અંદર એકલો રહી શકતો નથી – તે સંવાદ વિના જીવી શકતો નથી. માણસને માણસના અવાજ વિના ચાલતું નથી. એક દાક્તરે તાજેતરમાં એક કિસ્સામાં એવું નિદાન કર્યું હતું કે, 'આ જુવાન શહેર-માનવવસતિ-થી દૂર એકાંતમાં તદ્દન એકલો અને સોબત વગર રહ્યો હોવાથી તે આવો મૂંગો અને ઉદાસ બની ગયો છે. તે હજુ વધુ વખત આવા એકાંતમાં રહ્યો હોત તો કદાચ માનસિક સમતુલા પણ ગુમાવી બેઠો હોત!' રશિયન વાર્તાકાર એન્ટન ચેખોવની એક વાર્તામાં એક એકાકી માણસ તેના ઘોડાની પાસે પોતાનું દુઃખ ગાય છે. માણસને પોતાનું દુઃખ તો કોઈને કહેવું જ પડે છે અને સુખની વાત પણ તે કોઈને કહ્યા વિના રહી શકતો નથી! મેં મારી એક આંગળી ઉપર સાચા હીરાની વીંટી પહેરી હોય, પણ તેની વાત મારે કોઈના ધ્યાન ઉપર મૂકવી જ પડે છે. મોંએથી ન બોલું તો છેવટે મારે તેને બતાવવી તો પડે જ છે! મારા સિવાય જો કોઈ તેની નોંધ લેનાર જ ન હોય તો મને માત્ર હીરાની વીંટી મારી પાસે હોવાનો આનંદ પણ અધૂરો જ લાગે છે!

# મનની સોયમાં
# તબિયતનો દોરો

ઇટાલીના ચૌદમા સૈકાના કવિ પેટ્રાર્ચની આકાંક્ષા એક જ હતી. તેને તેની કવિતાઓથી સંતોષ નહોતો. ચાળીસ વર્ષની ઉંમરે તેને રાજકવિનો મુગટ પહેરાવવામાં આવ્યો હતો, પણ તેથી તેને એવું લાગ્યું નહોતું કે હું હવે સફળ થઈ ગયો! તેણે તો કહ્યું કે મારે મારા જીવનને જ કલાકૃતિ જેવું બનાવવું છે! માણસ સરસ રીતે જીવી શકે તો તેનું જીવન કલાકૃતિનું રૂપ ધારણ કરે છે.

પેટ્રાર્ચની લાગણી – દરેક માણસની લાગણીનો જ પડઘો પાડે છે – ‘મારી ઇચ્છાઓ અને મારી વૃત્તિઓ વચ્ચે સતત સંઘર્ષ ચાલ્યા જ કરે છે! જાણે એક માણસ મારી અંદર છે અને એક માણસ મારી બહાર છે. બંને લડતા હોય તેવું લાગે છે. મારી અંદરના અને બહારના આ બે માણસો વચ્ચે સંવાદ ઊભો કરીને મારે એક સારા માણસની રચના કરવી રહી!’

કોઈ પણ માણસ ઇચ્છે તો પણ સદ્‌ગુણોનો સર્વસંગ્રહ બની શકતો નથી અને કોઈ પણ માણસ ગમે તેટલો બેફામ બને તો પણ દુર્ગુણોનો સર્વકોશ

પણ બની શકતો નથી! નાના કે મોટા દરેક માણસની જિંદગી તેજ-છાયાની એક સંકુલ છબી હોય છે. પ્રકાશનાં ઉજ્જવળ બિંદુઓ પણ છે અને અંધકારનાં કાળાં ટપકાં પણ છે. નિર્ભેળ શુભ અને નિર્ભેળ અશુભ જેવું કંઈ જ નથી.

સામાન્યમાં સામાન્ય માણસ જે પરીક્ષા જાતે જ કરી શકે છે અને તેમાં ઉત્તીર્ણ થઈ શકે છે તે પરીક્ષા તો એક જ છે – અને પૂરતી છે. તે પરીક્ષા છે માણસાઈની. આ સંસારમાં એવા માણસો થઈ ગયા છે જેમણે પોતાનાં તન-મન અને સંજોગોની અનેક મર્યાદાઓની વચ્ચે પણ પોતાની માણસાઈને પ્રગટ કરી છે. આવા માણસોએ હંમેશાં સદ્ગુણ-દુર્ગુણના લાંબા ચક્કરમાં પડ્યા વિના એક જ કસોટી આગળ કરી છે – હું માણસાઈની મારી સંપત્તિ વધારી રહ્યો છું કે તેનું દેવાળું ફૂંકી રહ્યો છું? હું માણસ મટી તો નથી ગયોને? માણસે માણસ તરીકેનો પોતાનો પરવાનો ટકાવી રાખવા માટે ઝાઝી બુદ્ધિની જરૂર નથી પડતી. કોઈ કૌવતની પણ જરૂર નથી હોતી. કોઈ મિલકતની પણ જરૂર નથી હોતી. કોઈ હોદ્દો તેની પાસે હોવો જોઈએ એવું પણ નથી. તેની પાસે માત્ર માણસનું એક હૃદય હોય એટલે એ જ એને માટે પૂરતું બની રહે છે. કરુણા વગરનું હૃદય ગમે તેટલી આલીશાન ઇમારત જેવું હશે તો પણ તે ભૂતિયો મહેલ જ બની રહેશે. એક ઝૂંપડા જેવી જિંદગીમાં પણ કરુણાસભર હૃદય સાચા હીરાની જેમ પ્રકાશ પાથરતું રહે છે. હૃદયની સંપત્તિ પ્રેમ અને કરુણા છે.

જેની પાસે સારું હૃદય છે – પ્રેમ અને કરુણાથી સભર હૃદય છે – તેને માટે જીવનની કલા હસ્તગત કરવાનું કાર્ય અઘરું બનતું નથી. મહાન ફ્રેન્ચ નિબંધકાર મોન્ટેન કહે છે કે જીવનનું સાચું તત્ત્વજ્ઞાન એક જ છે – સારી રીતે મરવાની કલા! પણ સારી રીતે જીવ્યા વિના સારી રીતે મરી શકાતું નથી એટલે સારી રીતે મૃત્યુ મેળવવાની કલામાં સારી રીતે જીવવાની કલાનો પણ સમાવેશ થઈ જાય છે! સારી રીત જીવવાનો અર્થ સુખ-સાધનો ગમે તેમ પ્રાપ્ત કરીને આરામથી, પીડારહિત જીવવું એવો નથી. જ્યાં પ્રેમ છે ત્યાં પીડા તો છે. પ્રેમનો સ્વીકાર કરનારે પીડાને પણ સ્વીકારવી પડે છે. સુખ અગર દુઃખનો ખ્યાલ કોઈ પણ માણસ પોતાની જાત પૂરતો મર્યાદિત બનાવી શકતો નથી. તમારી તબિયત સો ટકા સારી હોય અને મનમાં આનંદનું ઝરણું વહેતું હોય, પણ તમારું બાળક તાવમાં તરફડતું હોય તો? તમારી તબિયતમાં બાદબાકી થયા વગર રહે જ નહીં. માણસે માણસાઈની શોભા ખાતર જ પોતાનાં અંગત સુખદુઃખને માત્ર ખાનગી માલિકીના હિસાબમાં જોવાનું બંધ કરવું પડે છે. પોતાના સુખને વહેંચવું પડે છે – પ્રસાદની જેમ વહેંચવું પડે છે અને પારકા દુઃખમાં ભાગીદારી નોંધાવવી પડે છે.

પોતાની જિંદગીમાં ગમે તેટલું દુઃખ જોવું પડ્યું હોય છતાં તે દુઃખને દુનિયાના

એકંદર દુઃખનો નાનકડો અંશ ગણીને ઓસડની જેમ પી જવું પડે છે. અંગ્રેજી ભાષાના એક સમર્થ સર્જક હેઝલિટ બાવન વર્ષની ઉંમરે મૃત્યુ પામ્યા. તેમણે ઘણા બધાને પ્રેમ આપ્યો – તેમને કદી પ્રેમના બદલામાં પ્રેમ ન મળ્યો. આમ જુઓ તો તેના મૃત્યુના સંજોગો 'ઘૃણાજનક' લાગે – એકલોઅટૂલો હેઝલિટ ભાડાની ખોલીમાં મૃત્યુ પામે છે. એ મકાનના ઘરધણીને એ જગ્યા નવા ભાડૂતને બતાવવાની ભારે ઉતાવળ છે એટલે હેઝલિટના મૃતદેહને તે પગથી હડસેલીને સોફા નીચે ધકેલી દે છે! તેનું વર્ણન વાંચનારને થાય કે આવું મૃત્યુ મારા દુશ્મનને પણ ન મળજો! પણ હેઝલિટને અંતિમ ક્ષણે જિંદગીનાં તમામ દુઃખો યાદ હોવા છતાં તે કહે છે કે હું સુખી છું! તબિયત નરમ છે, પણ મજામાં છું! હેઝલિટના જીવનચરિત્રનું શીર્ષક જ હતું – એ ફૂલ ઑફ લવ! પ્રેમનો બેવકૂફ! આ માણસ પ્રેમમાં ખૂબ છેતરાયો હતો, પણ છતાં તે પોતાને 'સુખી' એટલા માટે ગણે છે કે તેણે કોઈને પ્રેમમાં છેતરવા જેવું કર્યું નથી.



# જિંદગી એટલે વાવણી, નહીં કે લણણી

મહાત્મા ટૉલ્સ્ટૉયે તેમના પુત્ર પરના એક પત્રમાં એવું લખ્યું હતું કે 'ઘણા લોકોનો ખ્યાલ એવો છે કે જિંદગી આંસુની ખીણ છે. આ ખોટો ખ્યાલ છે. એથી ઊલટું યૌવન, આરોગ્ય ને સંપત્તિને કારણે જ ઘણા લોકો વળી માને છે કે જિંદગી મનોરંજન માટેનો જ મુકામ છે. આ પણ એવો જ ખોટો ખ્યાલ છે. જિંદગી તો સેવા કરવા માટે છે. કોઈને માટે કંઈક કરવું, કોઈકનું કંઈક ભલું કરવું – આમાં ઘણી હાડમારી પડવાના પ્રસંગો જરૂર આવે છે, પણ આનંદના પ્રસંગો પણ જરાય ઓછા નથી હોતા.'

આપણને ઘણી વાર નવાઈ લાગે કે, માણસો ગમે તે ઉંમરે એવું જ કહેવા માંડે છે કે હવે શું! એક જુવાન કહે છે, વીસ વર્ષનો થયો, પણ કંઈ ઠેકાણું પડતું નથી. બીજો યુવાન કહે છે, હું ત્રીસ વર્ષનો થયો, હું તો ઠેરનો ઠેર રહ્યો હોઉં એવું લાગે છે. જેણે ચાલીસ વર્ષ પૂરાં કર્યાં છે તેની ફરિયાદ એવી છે કે ચાલીસ વર્ષ પાણીમાં પડી ગયાં. ખાસ ઝાઝું અંતર કાપી શકાયું નથી. 'અંતર' એટલે શું? આટલું આટલું મેળવવું હતું, પણ મેળવી ન શકાયું, પણ

નોકરીમાં અમુક બઢતી મેળવવી હતી તે હજુ નથી મળી કે ધંધામાં આટલું ટર્નઓવર કરવું હતું તે લક્ષ્યાંક સુધી પહોંચી નથી શકાયું. આટલું બૅન્ક બૅલૅન્સ કરવું હતું તે ન થયું. આટલું દેવું કાપવું હતું તે કાપી ન શકાયું. આ વિસ્તારનો ફ્લૅટ વેચીને બીજા સારા સુખી ચઢિયાતા વિસ્તારમાં ફ્લૅટ લેવો હતો તે લઈ ન શકાયો. પચાસ વર્ષ થાય ત્યારે માણસ કહેશે કે મારી જિંદગી મને ધરમના ધક્કા જેવી લાગે છે. કંઈ જ મેળવ્યું નથી અગર જે મેળવ્યું છે તે મારી શક્તિના હિસાબે અને બીજાઓ સાથેની સરખામણીના હિસાબે ઘણું જ ઓછું છે. માણસને 60 વર્ષ થાય એટલે કહેશે કે કોઈની કંઈ કદર જ મળી નહીં. કંઈ કેટલાય માણસો ષષ્ટિપૂર્તિ ઊજવી ગયા, કંઈ કેટલાય કેટલી બધી જાત્રાઓ કરી આવ્યા, કંઈ કેટલાય પરદેશના પ્રવાસો કરી આવ્યા. સિત્તેર વર્ષે માણસને લાગે છે કે હવે શું કરવાનું? બસ, તબિયત જે લોહી પીવા માંડી છે તેને કઈ રીતે અંકુશમાં લેવી તે જ સવાલ છે! મૃત્યુ કઈ રીતે આવશે તેનો વિચાર ગભરાવી મૂકે છે. કોઈ કોઈ વાર અડધી રાતે આંખ ઊઘડી જાય છે અને મોત જ ક્યાંક આજુબાજુમાં સંતાઈને બેઠું હોવાનો વહેમ પડે છે, પણ જીવનની બહારની આ સંપત્તિ જેમને ન મળી તેમણે પોતાની અંદરની સંપત્તિથી પોતાની દુનિયાને આબાદ કરી છે તે હકીકત છે.

મહાન ચિત્રકાર વિન્સેન્ટ વાન ગોગે ત્રીસ વર્ષની ઉંમરે તેના ભાઈ થીઓ પરના પત્રમાં લખ્યું હતુંઃ 'ત્રીસ વર્ષની ઉંમરે ઘણી વસ્તુઓ શરૂ થઈ શકે છે અને આ ઉંમરે બધું પતી ગયું એમ માનવું નહીં જોઈએ. જિંદગી પાસે ઝાઝી અપેક્ષા કરવી નહીં જોઈએ – ત્રીસ વર્ષની ઉંમરે ખ્યાલ આવી જાય કે આટલું આટલું તો મળી શકે તેમ નથી. પણ માણસ આ ઉંમરે સ્પષ્ટ જોઈ શકે છે કે જિંદગી એ તો એક પ્રકારનો વાવણીનો સમય છે – લણણીનો નહીં!'

આખી દુનિયાની દરિયાઈ સફર કરી આવેલા સર ફ્રાન્સિસ ચિચેસ્ટરે કહ્યું છેઃ 'મને પૂછો તો હું કહી શકું. આખી જિંદગી આમ જુઓ તો આખરે નિષ્ફળતા જ છે, પણ એમાંથી હાંસલ કરવા જેવું કંઈ હોય તો તેમાં મળતી રમતગમ્મત જ છે.

73 વર્ષની ઉંમરે અમેરિકાના હાસ્યલેખક માર્ક ટ્વેઇને કહ્યું હતુંઃ 'છાપાંઓમાં એવું આવ્યું છે કે હું મરી રહ્યો છું. બિલકુલ ખોટી વાત છે. આ ઉંમરે હજુ હું એવું નહીં કરું. સૌને નાતાલ મુબારક.'

75 વર્ષની ઉંમરે જર્મન મહાકવિ ગેટેએ નોંધ્યું છેઃ 'મારી 75 વર્ષની જિંદગીમાં ખરેખર મને સુખ અને શાંતિનો એક મહિનો પણ મળ્યો નથી. લોકો મને ખૂબ

નસીબદાર અને કિસ્મતનો લાડકવાયો ગણે છે, પણ મને મારી જિંદગી વિશે ખરેખર કોઈ ફરિયાદ નથી.' 75 વર્ષની ઉંમરે બીમાર ડૉ. સેમ્યુઅલ જોન્સને કહ્યું છેઃ 'એકાદી નવી ઓળખાણ ન કરું તો મને મારો દિવસ ફોગટ ગયેલો લાગે.'

75 વર્ષની ઉંમરે સર વિન્સ્ટન ચર્ચિલે કહ્યું હતુંઃ 'હું હવે ભગવાનને મળવા તૈયાર છું, પણ એ મને મળવા તૈયાર છે કે નહીં તે વળી જુદી વાત છે.'

કોઈએ 91 વર્ષ જીવેલા ચર્ચિલને પૂછ્યું હતું કે તમે આટલું લાંબું જીવ્યા કઈ રીતે? ચર્ચિલે કહ્યુંઃ 'આટલાં લાંબાં વર્ષોમાં મેં મારા હૃદયમાં કોઈની પ્રત્યેના ધિક્કારને મુદ્દલ સ્થાન નથી આપ્યું.'

79 વર્ષની ઉંમરે બેન્જામિન ફ્રેન્કલિને એક પત્રમાં લખ્યું હતુંઃ 'હજુ હયાત છું અને જિંદગીની મજા પણ માણી રહ્યો છું. વૃદ્ધાવસ્થાની નબળાઈઓ ઝડપથી આવી રહી હોય એવું લાગે છે અને શરીર એટલું બધું સમારકામ માગી રહ્યું છે કે પરમાત્માને કદાચ એમ જ થતું હશે કે આ જર્જરિત ઇમારતનું સમારકામ મોંઘું પડે. તેને પાડી નાખીને નવી જ ઇમારત બનાવું.'